પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૭૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૭-૧૧-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયા બેઠક પરથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં ઉમેદવારી ફોર્મ ભર્યું




અમદાવાદ,

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયા બેઠક પરથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતું ફોર્મ ભરતા પહેલા મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગૃહપ્રધાન અમિત શાહ રેલી યોજી શક્તિપ્રદર્શન કર્યું હતું અને સવારે ભુપેન્દ્રભાઈ પટેલે ફોર્મ ભરવા જતાં પહેલા ત્રિમંદીર ખાતે આત્માજ્ઞાની દિપકભાઈ દેસાઈના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં.ત્યારબાદ ઘાટલોડિયા વિસ્તારમાંથી રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું આ રોડ શોમાં અમિત શાહ જોડાયા હતાં અમિત શાહ પ્રભાત ચોક પહોંચતાની સાથે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમિત શાહનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યું હતું. ત્યારબાદ અમિત શાહ અને ભૂપેન્દ્ર પટેલે રોડ શો શરૂ કર્યો હતો અને એસજી હાઈવે સોલા ભાગવત પાસે ઘાટલોડિયા વિધાનસભા મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ઘાટલોડિયાના દરેક નાગરીકો મારા પરિવારજનો છે. દરેકનો સહકાર મળ્યો છે એટલે જ લાગી રહ્યું છે કે આ ગુજરાત મેં બનાવ્યું છે. અહીં સંતો પણ હાજર છે. તેઓ આશિર્વાદ આપે. જયારે અમિત શાહે સંબોધનમાં કહ્યું હતું કે, આજે ભૂપેન્દ્ર ભાઈના ફોર્મ ભરાવવા અનેક સમાજના લોકો આવ્યા છે. રબારી સમાજ પણ લાલ ચટક પાઘડી પહેરીને આવ્યો છે. ૧૯૯૦થી ભાજપે ગુજરાતમાં ચૂંટણી જીતવાનો વિક્રમ જાળવી રાખ્યો છે અને એટલા માટે શક્ય બન્યું છે કારણ કે ભારતીય જનતાની પાર્ટી પર જનતાના આશીર્વાદ રહ્યા છે. ૯૦થી આજ સુધી વિધાનસભા અથવા લોકસભાને ગુજરાતમાં જનતાએ ભાજપને પરાજય બતાવ્યો નથી. જેને જે હિસાબ લગાવવો હોય એ લગાવે, ડાયરીમાં લખી લો, બધા વિક્રમ તોડી સરકાર બનશે.

અમિત શાહે ઉમેર્યું હતું કે, ૧૯૯૫ થી ૨૨નો આ સમયગાળો, માત્ર ગુજરાત નહીં પણ દેશના લોકતાંત્રિક ઈતિહાસમાં શાસન કેવી રીતે થાય એનું ઉદાહરણ રહ્યું છે. હું યાદ કરાવવા માગુ છું કે ૮૫ થી ૯૫ સુધી કોમી હુલ્લડથી પિંખાતું, વેદના અનુભવતું ગુજરાત, વર્ષમાં ૨૫૦ દિવસ કરફ્યુ હોય એવું ગુજરાત, આજે ૨૦ વર્ષના છોકરાને પૂછો કરફ્યુ શું, એને ખબર ન હોય. છોકરો નદી પાર જાય તો માં માળા કરે, બાળકને પાછો લાવજો. વીએએસમાં મેં જોયું છે જે ગુજરાતને પરેશાન, પિંખતા આજે એમનીહિંમત નથી. ગુજરાતમાં કાકરિયાળાની કોઈ ઘટના બનતી નથી. ૨૦૦૨ થી ૨૨નો સમય જનતાના વિશ્વાસન રહ્યો છે.

અમિત શાહે ઉમેર્યું હતું કે, પાકિસ્તાનથી જોડાયેલી સરહદ, અનેક ગેરકાનૂની પ્રવૃતિ થતી હતી. હથિયાર, ચરસ આવતું, આજે આખું લિસ્ટ સમાપ્ત થયું છે, જનતા ચેન (શાંતિ)થી જીવે છે. મોદી સરકારે અમદાવાદથી મુંબઈ સાથે ૮ હાઇ-વે બનાવ્યા, વિકાસ લોકો સુધી પહોંચાડ્યો છે. અગાઉ ગામ ભગાતા જતા હતા, બધા શહેર આવતા, ઝૂંપડીઓ વધતી જતી હતી. પરંતુ હવે ગામમાં ૭ કલાક વીજળી આવતી થઈ છે. મોદીજી આવ્યા અને ૨૪ કલાક વીજળીનો વાયદો કર્યો. ૨૦૦૫ થતા સમગ્ર દેશમાં ગામડાઓમાં ૨૪ કલાક વીજળી ભાજપે આપી.

અમિત શાહે કહ્યું, કોંગ્રેસની સરકારમાં મેં જુવાનીમાં જોયું છે ૩ વર્ષ દુકાળ હતો. ગાંધીનગરથી રાજકોટ પાણીની ટ્રેન દેખાડો કરવા મોકલતા હતા. ઘરમાં ૩ ફૂટ ઉંચી પાણીની ચકલી નાખવી પડતી હતી. પરંતુ અમે નર્મદા લાવ્યા, દરવાજા લગાવ્યા, ૧૩ હજાર ગામડાઓમાં પાણી પહોંચાડ્યું અને પાણીની અછતથી રાજ્યને મુક્ત કર્યું. અમારી સરકારે પાણીના સ્તર ઉંચા લાવવાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. હું તો અહીં ૨૫ વર્ષ ધારાસભ્ય રહ્યો છું, આ વિસ્તાર બનતા જોયો છે. હવે સાંસદ છું, ૨૮ વર્ષથી જોઈ રહ્યો છું.

અમિત શાહે જણાવ્યું હતું કે, કોંગ્રેસ દર ૫ વર્ષે આવી જાય છે સરકાર આવે છે. અરે બોર્ડ લગાવ્યા અમારું કામ બોલે છે. અરે ૨૭ વર્ષથી અમે છીએ, તમે શું કામ કર્યું? બોર્ડ પર સોનિયાબેનનો ચહેરો લગાવી દીધો. તમારી એટલી આબરૂ નથી કે કહો અને લોકો માને. આબરૂ મોદીજીએ બનાવી છે. અમિત શાહે જણાવ્યું હતું કે, સોમનાથથી અયોધ્યા યાત્રા કરી હતી. મંદિર વહી બનાએંગે કહ્યું હતું, જ્યાં પ્રભુનો જન્મ થયો ત્યાં મંદિર બને, પણ કોંગ્રેસીયા થવા નાં દે. ૧૦ વર્ષ પાછા આવ્યા, અમને સવાલ કરે કે મંદિર વહી બનાએંગે, તિથિ નહીં બતાયેંગે. અરે રાહુલ બાબા જાન્યુઆરી ૨૪ની ટીકીટ કઢાવો, મંદિર ભવ્ય બની રહ્યું છે.

અમિત શાહે જણાવ્યું હતું કે, ઘાટલોડિયા વાળા બોલો કાશ્મીર આપણું છે કે નહિ. નહેરુની ભૂલને કોંગ્રેસે બાળકની જેમ પંપાડ્યું. મોદીજીએ એક ઝાટકે આ કલમ ઉખાડી નાંખી. ૩૭૦ કલમનું બિલ લઈને ઉભો થયો ત્યારે મમતા, બસપા બધા કાઉ કાઉ કરતા હતા. લોહીની નદીઓ વહી જશે એવો ડર બતાવતા હતા, અરે કોઈએ કાંકરી પણ ફેંકી નથી. ત્રીપલ તલાક વર્ષોથી આપણે હટાવવાની વાત કરી હતી, પરંતુ મોદીજીએ કરી બતાવ્યું.

અમિત શાહે જણાવ્યું હતું કે, હું તો ભૂપેન્દ્ર ભાઈને અભિનંદન આપું છું. વસ્તી કરતા વધારે મજાર બની બેટ દ્વારકામાં...દ્રઢતા સાથે ભૂપેન્દ્ર ભાઈએ ત્યાં કામ કર્યું છે. શિક્ષણ, સ્વાસ્થ્ય, ઈન્ફરાસ્ટ્રક્ચર, પંચાયતી રાજનું મોડલ જોવું હોય તો ગુજરાતમાં જુઓ. નરેન્દ્ર ભાઈ એવું કરીને ગયા કે એમના બાદ આનંદીબેન, રૂપાણી અને ભુપેન્દ્રભાઈમાં પણ એ વિકાસ યાત્રા ચાલુ રહી છે. જ્યાં સુખ સમૃદ્ધિ, શાંતિ હોય ત્યાં ડોળા પણ કરવા બહુ હોય. કોંગ્રેસીયા પાછા આવ્યા, અમે કામ કર્યું કામ કર્યું, પણ ગુજરાત બધું જાણે છે.

અમિત શાહે જણાવ્યું હતું કે, આપણા મોદી સાહેબે ભારતના ફસાયેલા બાળકોને કાઢવા યુક્રેન રશિયા યુદ્ધ બે દિવસ રોકાવી દીધું. અર્થતંત્રને ૧૧ નંબરથી ૫ પર લાવ્યા. ફરી એકવાર જ્યાંથી મોદીજીએ વિકાસ શરૂ કર્યો એ જ ગુજરાતમાં ફરી ચૂંટણી આવી છે. આ સભાના માધ્યમથી જનતાને વિનંતી કરું છું. ગુજરાતે દેશને રસ્તો બતાવ્યો છે. ફરી આ કોંગ્રેસીયા નવા કપડાં પહેરીને આવ્યા છે. તમારે પસંદગી કરવાની છે, આજે ઘાટલોડીયામાં આવ્યો છું. સંતોના આશીર્વાદ બાદ ભુપેન્દ્રભાઈ ફોર્મ ભરશે, એમનો વિજય નિશ્ચિત છે. પણ એવો વિજય થાય કે, કોંગ્રેસને અઢી મહિના થાય આવતી વખતે ઉમેદવાર મળતા થવો જોઈએ. ભૂપેન્દ્ર ભાઈનું નામ વિચારી કમળ પર બટન દવાઓ, ગુજરાતી હોશિયાર હોય, એકવાર મહેનતથી બે કામ થશે.

## ભારતમાં ફરી એક વખત ધરા ધ્રુજી : અરુણાચલ પ્રદેશમાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ

ઈટાનગર,

ભારતમાં ફરી એક વખત ધરજી ધ્રુજી છે. છેલ્લા દિવસોમાં દિલ્હી સહિત ઉત્તર ભારતના અનેક વિસ્તારોને હચમચાવી દેનારા ભૂકંપે આ વખતે અરુણાચલ પ્રદેશના લોકોને આંચકો આપ્યો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી પ્રમાણે અરુણાચલ પ્રદેશના લેપા રાડા જિલ્લામાં સ્થિત બસર વિસ્તારમાં આજે સવારે ૯:૫૫ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

જણાવવામાં આવ્યું હતું કે, આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૭ હતી અને આ ભૂકંપનું કેન્દ્ર બસરથી દક્ષિણપૂર્વ દિશામાં ૧૦ કિલોમીટરની ઉંડાઈએ હતું. હાલમાં આ ભૂકંપમાં કોઈ જાન-હાનિના નુકસાનના સમાચાર નથી. જો કે, લોકોએ આ ભૂકંપના આંચકાને અનુભવ્યા અને ચોક્કસપણે ઘરોમાં વસ્તુઓ ધ્રુજતી જોઈ હતી.

આ અગાઉ નેપાળમાં શનિવારે ૫.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેના આંચકા દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર એનસીઆરથી લઈને ઉત્તરાખંડ સુધી અનુભવાયા હતા. આ ભૂકંપ ઉત્તરાખંડના પિથૌરાગઢથી ૧૦૧ કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં આવ્યો હતો. નેપાળના નેશનલ ભૂકંપ મોનિટરિંગ એન્ડ રિસર્ચ સેન્ટર પ્રમાણે ભૂકંપનું કેન્દ્ર બજાંગ જિલ્લાના પટાદેબલ ખાતે ૨૯.૨૮ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૮૧.૨૦ ડિગ્રી પૂર્વ રેખાંશમાં ૧૦ કિમીની ઊંડાઈએ હતું. નેપાળમાં એક અઠવાડિયામાં તે ત્રીજો ભૂકંપ હતો અને બિહાર સહિત ભારતના ઘણા ભાગોમાં તેની અસર વારંવાર જોવા મળી હતી.

## ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિએ ભારતને જી-૨૦ની અધ્યક્ષતા સોંપી

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે G20 સમિટમાં ડિજિટલ પરિવર્તન વિષય પર આધારિત ત્રીજા કાર્યકારી સત્રને સંબોધન કરશે. આ સંમેલનમાં ભારતને વર્ષ ૨૦૨૩ માટે G20ની અધ્યક્ષતા સોંપવામાં આવી છે. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડોએ ભારતને G20 અધ્યક્ષપદ સોંપ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ શિખર સંમેલનમાં અનેક નેતાઓ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે અને ભારત સાથેના સંબંધો અંગે સમીક્ષા કરશે. ઈન્ડોનેશિયા, સ્પેન, ફ્રાંસ, સિંગાપોર, જર્મની, ઈટલી, ઓસ્ટ્રેલિયા અને બ્રિટનના નેતાઓ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે. પ્રધાનમંત્રીએ G20 સમિટમાં દેશની ઉપલબ્ધિઓ અને વૈશ્વિક પડકારો સામે સામૂહિક રૂપે લડવા માટે ભારતની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી G20 સમિટ દરમિયાન અમેરીકાના રાષ્ટ્રપતિ જો બાઈડન અને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ એકો વિડોડો સાથે ગઈકાલે મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ વિશ્વાસ વ્યકત કર્યો હતો કે G20 સમિટ એ આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર પુરો પાડતો મંચ છે અને તેના થકી ઘણી આર્થિક મહાસત્તા ધરાવતા દેશો વૈશ્વિક પડકારોને પહોંચી વળવા સજ્જ થશે. તેમણે જણાવ્યું કે, G20 દેશોની અર્થવ્યવસ્થામાં વિકાસ લાવવા ઉપરાંત ચાલી રહેલ આબોહવા પરિવર્તન, ઉર્જા તેમજ અન્ન સંકટનો સામનો કરવા વૈશ્વિક સ્વાસ્થ્ય માળખાને વધુ મજબુત કરવા તેમજ તકનીકી પરિવર્તનને પ્રોત્સાહિત કરવા માટે સાથે મળીને કામ કરી રહયું છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત તેના અધ્યક્ષ પદે અન્ય વિકાસશીલ દેશોને આગળ લાવવા પ્રયત્ન કરશે.

## કોંગ્રેસના રાજસ્થાન પ્રભારી માકનનું રાજીનામુ : ગેહલોત શું સંભાળે રાજસ્થાન કે ગુજરાત?

જયપુર,

રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગેહલોતની મુશ્કેલીઓ જાણે અટકવાનું નામ જ લઈ રહી નથી. તેઓની રાજસ્થાન મુશ્કેલીઓનો અંત આવતો નથી અને તેમને ગુજરાતમાં ઈન્ચાર્જ બનાવવામાં આવ્યા છે. ગુજરાતના ઈન્ચાર્જ બન્યા પછી પણ તે ગુજરાતમાં સમખાવા પૂરતી જ સભાઓ કરી શક્યા છે. રાજસ્થાનમાં ચાલતા વિખવાદમાંથી તે ઊંચા જ આવી શક્યા નથી. ગેહલોતનો સચીન પાયલોટ સાથેનો સંઘર્ષ જારી છે ત્યારે હવે બંને વચ્ચેના આ સંઘર્ષથી કંટાળીને કોંગ્રેસ મહાસચિવ અજય માકને રાજસ્થાનના પ્રભારી પદેથી રાજીનામુ આપી દીધું છે. હવે ગેહલોત માટે સવાલ તે ઊભો થયો છે કે તે હાલમાં ગુજરાત સંભાળે કે રાજસ્થાન સંભાળે.





આમ રાજસ્થાનમાં ફરીથી કોંગ્રેસની અંદર જ રાજકીય ગરમાગરમીએ વેગ પકડ્યો છે ત્યારે ગેહલોત ગુજરાતની ચૂંટણીમાં કેટલું ધ્યાન આપી શકે તે જોવાનું છે. અજય માકને કોંગ્રેસ પ્રમુખ ખડગેને લખેલી ચિઠ્ઠીમાં સ્પષ્ટ લખ્યું છે કે તેઓ રાજસ્થાન કોંગ્રેસના પ્રભારી રહેવા માંગતા નથી, તેના બદલે આ સ્થાન બીજા કોઈને સોંપે તો તેમને આનંદ થશે. આમ નવા પ્રમુખ બનેલા ખડગે સામે પણ મોટી જવાબદારી આવી છે. કોંગ્રેસ પર એકબાજુએ ગુજરાતમાં સારો દેખાવ કરવાનું દબાણ છે અને ગુજરાતના જ ચૂંટણી ઈન્ચાર્જ અશોક ગેહલોત રાજસ્થાનમાંથી જ ઊંચા આવી રહ્યા નથી ત્યારે ગુજરાતની સ્થિતિને સંભાળવું પક્ષ માટે વધુ અઘરું બન્યું છે. ગેહલોતને ગુજરાતના ચૂંટણી ઈન્ચાર્જ બનાવાયા છે, પરંતુ ગુજરાત કોંગ્રેસની આંતરિક જૂથબંધીની સાથે ગેહલોતની પણ રાજસ્થાનની અંદરની વ્યસ્તતા ગુજરાતમાં કોંગ્રેસના ભવિષ્ય માટે ચિંતાજનક છે. તેમા પણ ખરા સમયે માકનના રાજીનામાએ ગેહલોતની સ્થિતિ વધારે ખરાબ બનાવી છે. માકને તેના રાજીનામામાં જણાવ્યું છે કે ભારત છોડો યાત્રા રાજસ્થાનમાં આવી રહી છે ત્યારે રાજસ્થાન કોંગ્રેસમાં નવા પ્રભારી હોવા જરૂરી છે. તેની સાથે તેમણે રાજીનામામાં ૨૫ સપ્ટેમ્બરની ઘટનાનો ઉલ્લેખ કર્યો છે.

માનવામાં આવે છે કે માકન સત્તા પર ચીટકી રહેવાના ગેહલોતના વલણથી નારાજ હતા. તેઓનું માનવું હતું કે ગેહલોતે વાસ્તવમાં યુવાઓ માટે અનુરુપ તથા ઉદાહરણરૂપ દાખલો બેસાડવો જોઈએ તેના બદલે સત્તા પર ચીટકીને તેઓ રીતસર પક્ષના યુવા કાર્યકરોને નિરાશ કરી રહ્યા છે અને રાજસ્થાન કોંગ્રેસની સ્થિતિ પણ બગાડી રહ્યા છે. તેમણે આ પ્રકારની નારાજગી સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરી છે. હવે બોલ ગેહલોતના કોર્ટમાં છે.

## નાસાએ ચંદ્ર માટે આર્ટેમિસ-૧ લોન્ચ કર્યું

વોશિગ્ટન,

અમેરીકી સ્પેસ સેન્ટર નાસા તેના ચંદ્ર મિશન માટે તૈયાર છે. નાસા મિશન મૂન માટે દોઢ મહિના પછી ફરી એકવાર તેનું આર્ટેમિસ-૧ રોકેટ લોન્ચ કરી દેવામાં આવ્યું છે. તે તેના લોન્ચિંગ સમયથી લગભગ ૧૦ મિનિટ મોડું લોન્ચ કરવામાં આવ્યું હતું. અગાઉ તેને ભારતીય સમય અનુસાર રાત્રે ૧૧.૩૪ કલાકે ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવાનું હતું. નાસાનો આ ત્રીજો પ્રયાસ છે, આ પહેલા ટેકનિકલ ખામીના કારણે આ રોકેટનું લોન્ચિંગ ૨ વખત રોકવું પડ્યું હતું.આ વખતે તેનું લોન્ચિંગ કરી દેવામાં આવ્યું છે.

અમેરિકન સ્પેસ એજન્સી નાસાનું મુન મિશન 'આર્ટેમિસ-૧' લોન્ચ કરવામાં આવ્યું છે. આ રોકેટે ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી ભારતીય સમય મુજબ સવારે ૧૨.૧૭ વાગ્યે ઉડાન ભરી છે. આ પહેલા ૨૯ ઓગસ્ટ અને ૩ સપ્ટેમ્બરે પણ લોન્ચિંગના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જો કે ટેક્નિકલ ખામીઓ અને ખરાબ હવામાનને કારણે તેને ટાળવું પડ્યું હતુ.

નોંધનીય છે કે સવારથી રોકેટમાં હાઈડ્રોજન લીક થઈ રહ્યું હતું, જેને વૈજ્ઞાનિકોએ સમયસર સુધારી લીધું હતું. આ પહેલા રવિવારની પ્રેસ બ્રીફિંગમાં આર્ટેમિસ મિશન મેનેજર માઈક સેરાફીને જણાવ્યું હતું કે ફલોરિડામાં હાલમાં આવેલા વાવાઝોડા નિકોલને કારણે અવકાશયાનને નુકસાન થયું હતુ. અવકાશયાનના એક ભાગને નુકસાન થતાં ઢીલો પડીને છૂટો પડી ગયો હતો.આ કારણે લિફ્ટ ઓફ દરમિયાન સમસ્યા આવી શકે છે. એટલા માટે અમારી ટીમ આ સમસ્યાની સમીક્ષા કરી હતી.

## મોરબી નગરપાલિકાએ હાઈકોર્ટ સમક્ષ સ્વીકાર્યું, પુલના ઉપયોગ માટેની કોઈ પરવાનગી આપી નહોતી

અમદાવાદ,

મોરબી ઝુલતો પુલ તુટવાની દુર્ઘટનાને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં મોરબી નગરપાલિકાએ હાઈકોર્ટ સમક્ષ કર્યો સ્વીકાર કર્યો છે કે જે દિવસે પુલ તપટ્યો તે દિવસે પણ પુલના ઉપયોગ માટેની કોઈ મંજુરી આપવામાં આવી નહોતી. જેમાં ડિસેમ્બર ૨૦૨૧થી માર્ચ ૨૦૨૨ સુધી બ્રિજ જોખમી હાલતમાં



હોવાની જાણ હોવા છતા પુલનો ઉપયોગ જાહેર જનતા માટે કરાયો હતો. જેના પગલે હાઈકોર્ટે મોરબી નગરપાલિકા સામે કરી આકરી ટીપ્પણી કરી છે. તેમજ કહ્યું છે કે, જનરલ બોર્ડની મંજૂરી લીધા વિના અંજતા ગ્રુપને કામ કઈ રીતે અપાયુ. તેમજ એમઓયુ કે એગ્રીમેન્ટ વીના પુલના ઉપયોગની છુટ કઈ રીતે અપાઈ. આ ઉપરાત હાઈકોર્ટે ૨૪ નવેમ્બરના રોજ ઈન્ચાર્જ ચીફ ઓફિસરને રુબરુ હાજર રહેવા આદેશ આપ્યો છે. તેમજ કોર્ટે ઉઠાવેલા સવાલોના જવાબ સોંગદનામા પર રજુ કરવા પણ આદેશ આપ્યો છે. આ કેસની વધુ સુનાવણી ૨૪ નવેમ્બરે વધુ હાથ ધરાશે.

### સુરત પૂર્વ બેઠક પર મોટો રાજકીય ડ્રામા

## કંચન જરીવાલાને ભાજપના ગુંડાઓ ઉઠાવી ગયા હતાં અને કંચન જરીવાલા પર દબાણ કરીને ફોર્મ પરત ખેંચવા મજબુર કર્યા : આપ

સુરત,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો ધમધમાટ શરૂ થયો છે, ત્યારે આજે સવારે એક અજીબોગરીબ ઘટના બની. જેમાં સુરત પૂર્વ બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર કંચન જરીવાલા ગઈકાલ રાતે ૮ વાગ્યાથી લાપતા થયા હોવાના સમાચાર મળ્યા હતા. ત્યારબાદ ગોપાલ ઈટાલિયા, અરવિંદ કેજરીવાલ સહિતના નેતાઓએ ભાજપ પર કંચન જરીવાળા અને તેના પરિવાર પર ધાકધમકી આપી દબાણ કરાયું હોવાનો આરોપ લગાવ્યો હતો. પરંતુ હાલ તેનું ઉલ્ટું જોવા મળી રહ્યું છે. આપના ઉમેદવાર કંચન જરીવાલા પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચવા ખેંચ્યું છે. રાજકીય પાર્ટીના દબાણમાં



આવીને કંચન જરીવાલા ઉમેદવારી ફોર્મ પરત ખેંચશે તેવી પણ ચર્ચા ચાલી રહી હતી, પરંતુ ઉમેદવારે જાતે આવીને મતદાન પહેલા જ ફોર્મ પરત ખેંચ્યું છે, જેના કારણે સુરતમાં રાજકારણ ગરમાયું છે.

આમ આદમી પાર્ટી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ભાજપ દ્વારા કંચન જરીવાળા અને તેના પરિવાર પર ધાકધમકી આપવામાં આવી છે અને આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા સૌ પ્રથમ કંચન જરીવાળાના પરિવારજનો પર દબાણ લાવવામાં આવ્યું હતું. ત્યારબાદ કંચન જરીવાળા પર દબાણ વધતાં તેઓએ ચૂંટણી નહીં લડવા નિર્ણય કર્યો હતો.

અરવિંદ કેજરીવાલે પોતાની પાર્ટીના ઉમેદવારનું અપહરણ થવાની આશંકા વ્યક્ત કરી છે. તેમણે ટ્વીટ કર્યું કે, સુરત (પૂર્વ)ના અમારા ઉમેદવાર કંચન જરીવાલા અને તેમનો પરિવાર ગઈકાલથી ગુમ છે. અગાઉ ભાજપે તેમનું નામાંકન રદ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમનું નામાંકન સ્વીકારવામાં આવ્યું હતું. બાદમાં તેમના પર ઉમેદવારી પાછી ખેંચવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હતું. શું તેનું અપહરણ કરવામાં આવ્યું છે? ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે કંચન જરીવાલાને ભાજપના લોકો ઉઠાવી લીધા હોવાની શક્યતા છે. કંચન જરીવાલા અને તેનો પરિવાર ગાયબ છે. જોકે, કંચન જરીવાલા ફોર્મ પરત ખેંચતા નાટકીય ડ્રામા સર્જાયો છે.

રાજયસભા આપના સાસંદ સંજયસિંઘે આજે એક પ્રેસ કોન્ફરન્સ કરી છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, કંચન જરીવાલાનો કથીત અપહરણ કરતો વિડિયો જાહેર કરશે. ભાજપની ગુજરાતમાં દયનિય સ્થિતિ હોવાથી લોકશાહીનું ગળુ દબાવી રહી છે. ભાજપે ચુંટણી પહેલા હાર માની લીધી છે, એટલે આવા પ્રયાસો કરે છે. કંચન જરીવાલાને બળ જબરી પુર્વક આરઓ ઓફીસ લઈ જઈ ફોર્મ રદ કરવા પ્રયાસ કર્યો. જેમાં સફળ ન થતાં તેમનુ અપહરણ કર્યુ. ગુજરાતમાં ચુટણી પંચને ભાજપ સીધુ ચેલેન્જ આપતુ હોય એમ દેખાય છે.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપે ૨૭ વર્ષ શુ કર્યુ એ જાહેર કરે ઉમેદવારનુ અપહરણ કેમ કરે છે. તેમના પર ફોર્મ પરત લેવાનુ દબાણ તાત્કાલીક રોકવુ જોઈએ. આપના નેતાઓ મુખ્ય ચુંટણી અધિકારી સાથે મુલાકાત કરી રજુઆત કરાશે. વિડિયો રીલીજ કરી ભાજપના મળતિયા લોકોના ફોટો રજુ કર્યા. રવિ નામના વ્યક્તિ સાથે દાઢી વાળા વ્યક્તિનો ફોટો, રવિનો ગુજરાતના મુખ્યમંત્રી અને પુર્ણેશ મોદી સાથેનો ફોટો રજુ કર્યો. અત્યાર સુધી ભાજપ ધારાસભ્યોનુ અપહરણ કરતી હતી હવે ઉમેદવારોનું અપહરણ કરી રહી છે. ભારતીય ચુટંણી પંચ ઉમેદવારને સુરક્ષા આપે અને તેને ભય મુક્ત વાતાવરણમાં ચુંટણી લડવા દે.

હવે કંચન જરીવાલા ગુમ થયા હોવાના સમાચાર વચ્ચે પોતાનું ઉમેદવારી પત્ર પરત ખેંચી લેતો હવે નવા સમીકરણો બની રહ્યા છે. હવે આ બેઠક પર સીધી લડાઈ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે થશે. એઆઈએમઆઈએમ પાર્ટી દ્વારા મુસ્લિમ ઉમેદવારને ઉભો રાખવામાં આવ્યો છે, જેના કારણે તેમને મત મળે એવી શક્યતા ખૂબ ઓછી છે. હવે કંચન જરીવાલા ચૂંટણીમાં ન ઉતરે તો જ ભાજપ સરળતાથી જીતી શકે તેમ છે. હવે જોવાનું એ રસપ્રદ બનશે કે કંચન જરીવાલા પોતાનો ઉમેદવારી પત્ર પરત ખેંચે છે કે ચૂંટણીમાં ઝંપલાવશે? સુરત પૂર્વ બેઠક પર ખરાખરીનો જંગ થાય એમ છે. કોંગ્રેસ તરફથી અસલમ સાઈકલવાલા, ભાજપ તરફથી સીટિંગ ધારાસભ્ય અરવિંદ રાણા અને આમ આદમી પાર્ટી તરફથી કંચન જરીવાલાએ ફોર્મ ભર્યું છે. આવી સ્થિતિમાં કંચન જરીવાલાને જો ૧૦થી ૧૫ હજાર વોટ પણ મળે તો ભારતીય જનતા પાર્ટી માટે આ બેઠક પર જીતવું મુશ્કેલ બની જાય એમ છે. એને કારણે સામ-દામ-દંડના ભેદની નીતિ અપનાવવામાં આવ્યો હોય એવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. કંચન જરીવાલા ફોર્મ પરત ખેંચવા માટે બહુમાળી ભવન પહોંચ્યા હતા. જ્યારે ધક્કામુક્કીના દ્રશ્યો પણ સર્જાયા હતા. ત્યારબાદ કંચન જરીવાલાએ પોતાનું ફોર્મ પરત ખેચ્યું હતું. ફોર્મ પરત ખેંચવા સાથે અધિકારીની સાથે વાતચીત કરી હતી. કોઈપણ પ્રકારનું દબાણ કરવામાં આવ્યું નથી અને રાજીખુશીથી ફોર્મ પરત ખેચ્યું હોય તેવું અધિકારી સમક્ષ કંચન જરીવાલાએ જણાવ્યું હતું.કંચન જરીવાલા જરીના કામ સાથે જોડાયેલા છે.

# દાહોદ જિલ્લાના રાજકારણમાં ખળભડાટ

# વજુભાઈએ કાલે વાજતે ગાજતે નામાંકન દાખલ કર્યું : આજે ટિકિટ કપાઈ, હર્ષદ નિનામા કોંગ્રેસના યુવા ઉમેદવાર

- મહુડી મંડળે ગલાલીયા વાડના સરપંચ, APMC ના સભ્ય, તેમજ કોંગ્રેસના જિલ્લા પ્રમુખ પર પસંદગી ઉતારી.
- કોંગ્રેસ દ્વારા કરાયેલા સર્વેમાં વજુભાઈનો રિપોર્ટ નેગેટિવ આવતા ટિકિટ કપાઈ : હાઈ કમાન્ડ જોડે તાલમેલનો અભાવ કારણ ભૂત હોવાની ચર્ચાઓ.

દાહોદ,

દાહોદ જિલ્લાના રાજકારણમાં આજે સાંજે એક અપસેટ સર્જાવા પામ્યું છે. જેમાં કોંગ્રેસની ૩૭ ઉમેદવારોની યાદી જાહેર થઇ છે. જેમાં છેલ્લા ત્રણ ટર્મથી દાહોદ બેઠક પર અજેય રહેલા વજેસિંગ પંણદાની ટિકિટ કાપી વર્તમાન દાહોદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદ નિનામાને કોંગ્રેસે દાહોદ ૧૩૨ બેઠક ઉપર ઉમેદવાર જાહેર કરવામાં આવતા દાહોદ શહેર સહી જિલ્લાના રાજકારણમાં ખળભલાટ મચી જવા પામ્યો છે. જોકે, વજુભાઈ પણદાએ કાલે વાજતે ગાજતે પ્રાંત અધિકારી સમક્ષ નામાંકન દાખલ કર્યું હતું.ત્યારે આજે સાંજે તેમની ટિકિટ કપાઈ જવા પામી છે. ત્યારે દાહોદ વિધાનસભા બેઠક પર હવે બે યુવા ઉમેદવારો વચ્ચે રસપ્રદ જંગ જામશે.

ગુજરાત વિધાનસભાનો સંગ્રામ રસપ્રદ બનવા જઈ રહ્યો છે. ત્યારે ગઈકાલે દાહોદના વર્તમાન ધારાસભ્ય વજેસિંહ દાહોદ ના ચૂંટણી અધિકારી સમક્ષ વાજતે ગાજતે રેલી સ્વરૂપે પોતાની ઉમેદવારી પત્ર નામાંકન રજૂ કર્યું હતું અને તેમના નામનો જ મેન્ડેડ આવશે તેવું તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો. પરંતુ ગુજરાત કોંગ્રેસને લઈને સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. કોંગ્રેસ દ્વારા ૩૭ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ભાજપના દાહોદ બેઠકથી



કનૈયાલાલ કિશોરીની સામે હર્ષદ નિનામાને ઉતારાયા છે અને દાહોદ બેઠકને લઈને સત્તાવાર જાહેરાત કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. જેમાં ગઈકાલે વર્તમાન ધારાસભ્ય વજેસિંહ પણદાએ ચૂંટણી અધિકારી સમક્ષ પોતાનું કોંગ્રેસ પ્રત્યેનું નામાંકન પત્ર દાહોદ ૧૩૨ વિધાનસભા બેઠક ઉપરથી ભરવામાં આવ્યું હતું અને ચૂંટણી અધિકારી દ્વારા મેન્ટેડનું પૂછવામાં આવતા તેમને જણાવયું હતું કે પાછળથી મેન્ડેડ કોંગ્રેસ દ્વારા જમા કરાવવામાં આવશે, પરંતુ આજે ૩૭ નામોની યાદી કોંગ્રેસે જાહેર કરી છે. તેમાં દાહોદ ૧૩૨ બેઠક ઉપર ત્રણ ટર્મથી જીતતા આવતા વર્તમાન ધારાસભ્યનું પત્તુ કાપી યુવા ચહેરા તરીકે દાહોદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદ નિનામા ઉપર કોંગ્રેસ મોવડી મંડળે પસંદગી કળશ ઢોળ્યો છે. ત્યારે હવે વજેસિંગ પણદા કોંગ્રેસ પાર્ટી સાથે વફાદાર રહી હર્ષદ નિનામા ને મદદ કરશે કે પછી પાર્ટી જોડે બગાવત કરી અપક્ષમાં દાવેદારી નોંધાવશે. આવતીકાલે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે. ત્યારે આવતીકાલ સાંજ સુધીમાં દાહોદ વિધાનસભાનું પિક્ચર કિલયર થઈ જશે. તેમાં કોઈ બે મત નથી. અત્રે ઉલ્લેખની છે કે, કોંગ્રેસના વજેસિંહ પણદા છેલ્લા ત્રણ ટર્મથી દાહોદ બેઠક પર વિજયી રહ્યા છે. જોકે કોંગ્રેસ પાર્ટીના અતરંગ વર્તુળોમાં ચર્ચાઓ અનુસાર પાર્ટી હાઈ કમાન્ડ તેમજ મોવડી મંડળ દ્વારા વિધાનસભા બેઠક પર સર્વે અને સેન્સ દરમિયાન વજેભાઈ પણદાનો રિપોર્ટ કાર્ડ નેગેટિવ પહોંચ્યો હતો. સાથે સાથે તેઓ કોંગ્રેસ હાઈ કમાન્ડથી દુરી બનાવીને કેટલાક કાર્યક્રમોમાં ગેરહાજર રહ્યા હતા અને થોડા સમય પહેલા રાજસ્થાનના મંત્રી જોડે ગરમા ગરમી પણ તેમને ટિકિટ કપાયાનું કારણ હોવાનું જણાઈ રહ્યું છે. ત્યારે બીજી તરફ ગલાલીયાવાના સરપંચ તરીકે વર્ષોથી ચુંટાતા, તેમજ તાલુકા પંચાયત એપીએમસી સહિત દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે થોડાક સમયમાં નામના મેળવનાર અને દાહોદ જિલ્લાના સંગઠનમાં કરેલી મહેનત તેમજ પાર્ટી હાઈકમાન જોડે સારા સંબંધોને આધારે હર્ષદ નીનામાની ટિકિટ ફાઈનલ થઈ ગઈ હોવાનું ચર્ચા રહ્યું છે. ત્યારે હાલમાં થોડા સમય પહેલા વજુભાઈ પણદા ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પહોંચ્યા હોવાનું તેમજ ભાજપ જોઈન્ટ કરવાનું વાયૂવેગે ફેલાયું હતું. જોકે, ત્યારબાદ તેઓએ સોશિયલ મીડિયામાં સ્પષ્ટતા કરી હતી કે તેઓ કોંગ્રેસમાં જ છે. જોકે હવે તેઓને ટિકિટ કપાતા તેઓ બીજેપી જોઈન્ટ કરે છે અથવા કોંગ્રેસના ઉમેદવારને જીતાડવા માટે મહેનત કરે છે. તે હાલ ભવિષ્યના ગર્ભમાં છે.

## દાહોદ નગરમાં ડોર ટુ ડોર કચરાં કલેકશન કરતાં વાહનો દ્વારા મતદાન જાગૃતિ માટે અનોખી રીત અપનાવી

દાહોદ,

દાહોદ નગરમાં ડોર ટુ ડોર કચરો એકઠી કરતી સ્માર્ટ સીટીની ગાડીઓ અચૂક મતદાન કરવાનો અનોખી રીતે આપી રહી છે સંદેશો.

એ ચૂંટણી આવી !! તમને તો ખબર જ હશે ને ચૂંટણી આવી. મત આપવો એ આપણો અધિકાર અને ફરજ છે. લોકશાહીના મહાપર્વમાં ૫ મી ડિસેમ્બરના રોજ મતદાન કરવાનું અને કરાવવાનું ચૂકશો નહીં. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, દાહોદ આ સંદેશો દરરોજ સવારે




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ નગરના દરેક ઘર સુધી ડોર ટુ ડોર કચરો એકઠી કરતી સ્માર્ટ સીટીની ગાડીઓ થકી કંઇક અનોખી અને અસરકારક રીતે પહોંચાડી રહી છે. આગામી તા. ૫ ડિસેમ્બર સુધી દરેક નગરજનને આ સંદેશો લગભગ ગોખાઇ ગયો હશે એટલી ચોટદાર રીતે તેનું પ્રત્યાયન કરાયું છે.

દાહોદ નગરમાં ઘરે ઘરે પહોંચીને કચરો એકઠો કરવાની કામગીરી કરતી ગાડીઓ સ્વચ્છતાના સંદેશાની સાથે અત્યારે મતદાન કરવાનો સંદેશો પણ આપી રહી છે. નગરને સ્વચ્છ રાખવા માટે સ્માર્ટ સીટીની આ ગાડીઓ દરેક ઘરે પહોંચે છે. ત્યારે દરેક મતદાતા સુધી લોકશાહીના મહાપર્વમાં અચૂક મતદાન કરવા માટેનો સંદેશો ખૂબ સરસ રીતે પહોંચી રહ્યો છે.

રાજયમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થઇ છે. ત્યારે જિલ્લામાં આગામી તા. ૫ ડિસેમ્બરે નાગરિકોને અવશ્ય મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવી રહ્યાં છે. દાહોદ નગરમાં પણ મતદાન કરવા માટે મતદારોને જાગૃત કરવામાં આવી રહ્યાં છે. સવારમાં વહેલા કચરો લેવા આવતી ગાડીઓમાં જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવીનો સંદેશો દાહોદ નગરના દરેક મતદાતા સુધી પહોંચાડી રહી છે. જે મતદાનના દિવસ સુધી નગરના દરેક મતદાતાને પોતાની ફરજની યાદ અપાવશે.

## દે. બારીયાના વિવિધ મતદાન વિસ્તારોમાં અવસર રથે મતદાતાઓને મતદાનનો સંદેશો આપ્યો

દે.બારીયા,

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર કરવામાં આવી છે અને દાહોદ જિલ્લાની ચૂંટણી પ્રક્રિયા બીજા તબક્કામાં યોજાવાની છે. ત્યારે મતદાતા જાગૃત્તિ અભિયાન જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવીના માર્ગદર્શનમાં સઘનરૂપે ચાલી રહ્યું છે. ત્યારે દાહોદ જિલ્લામાં અવસર રથનું આગમન થયું છે. જિલ્લાની દરેક વિધાનસભા પ્રમાણે મતદાન વિસ્તાર ખાતે અવસર રથ ફરીને મતદાતાઓને જાગૃત કરવા માટેનું આયોજન કરાયું છે. ખાસ કરીને જે વિસ્તારમાં ઓછું મતદાન થાય છે ત્યાં અવસર રથ થકી મતદાતાઓને મતદાન અવશ્ય મતદાન કરવા સમજ અપાશે.




તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

અવસર રથ આગામી પાંચ દિવસ સુધી વિવિધ વિધાનસભા મતદાન મથકોના વિસ્તાર ખાતે ફરશે અને જિલ્લાના મતદાતાઓને મતદાન કરવા માટે પ્રેરિત કરશે.

અવસર રથ આજે દેવગઢ બારીયા વિધાનસભા મતવિસ્તારના વિવિધ ગામોમાં ફર્યો હતો અને મતદાતાઓને લોકશાહીના મહાપર્વમાં જોડાવા આહ્વાન કર્યું હતું. અવસર રથ આજે દિવ્યા, પાવ, સજોઇ, દુધામલી, ભોરવા, પીપોદરા સહિતના ગામોમાં ફર્યો હતો. આ વિસ્તારોના મતદાતાઓને આગામી તા. ૫ ડિસેમ્બરે મતદાન અવશ્ય કરવા સમજ અપાઇ હતી. આ માટે રથ સાથેના બીએલઓએ મતદાતાઓને વીવીપેટ, સીયુ સહિતની મતદાનની પ્રક્રિયા વિશે જણાવ્યું હતું અને મજબુત લોકશાહી માટે મતદાનના મહત્વ વિશે સમજ આપી હતી. ઉપસ્થિત મતદાતાઓએ વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરવા માટેની શપથ પણ લીધી હતી.

## સિંગવડ તાલુકાના કાળીયારાઈ ગામે અકસ્માતનો ભોગ બનેલા બે યુવાનીની રોકડ તથા મોબાઇલ ૧૦૮ ના કર્મચારીઓએ પરત કરી માનવતા દાખવી

દાહોદ,

બપોરના સિંગવડ તાલુકાના કાળીયારાઈ ગામે મોટર સાયકલ સવાર બે યુવાનોને અકસ્માત નડતા ઘાયલ થયા હતા. જે બાબતે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં લીંમડી ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને ઈજાગ્રસ્ત યુવાનોને સારવાર માટે સિંગવડ સીએસસી ખાતે લઈ જવામાં આવ્યા હતા.



જાણવા મળેલ વિગતો મુજબ આજરોજ બપોરના અઢી વાગ્યાના અરસામા મોટર સાયકલ સવાર બાબુલાલ દામોદરભાઈ રાઠોડ તથા મનીષકુમાર મહેન્દ્રભાઈ નાઓ મોટર સાયકલ ઉપર પોતાના કામ અર્થ જઈ રહ્યા હતા. તેવા સમયે કાળિયારાઈ ગામે તેઓને અકસ્માત નડ્યો હતો અને ઘાયલ થયા હતા. જેની જાણ ૧૦૮ને કરાતા તાત્કાલિક લીમડી એમ્બ્યુલન્સ સાથે પાયલોટ દિવ્યરાજસિંહ ચૌહાણ તથા ઈએમટી મહેશભાઈ ગરાસિયાનાઓ તાત્કાલિક અકસ્માત સ્થળે પહોંચી ગયા હતા. જ્યારે આ બંને ઈજાગ્રસ્ત યુવાનોની તપાસ કરતા તેઓ પાસેથી રોકડ રૂા. ૮૦,૦૦૦ તથા બે સ્માર્ટફોન મળી આવ્યા હતા. જે રોકડ તથા સ્માર્ટફોન ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓએ કબજે લીધા હતા અને ઈજાગ્રસ્તોને સિંગવડ સીએસસી ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ઈજાગ્રસ્ત યુવાનોના સંબંધી એવા રાહુલભાઈને ૧૦૮ ના કર્મચારીઓએ રોકડ રૂા.૮૦,૦૦૦ તથા બે સ્માર્ટફોન પરત કરી માનવતા દાખવી હતી.

## દાહોદ જિલ્લામાં ચૂંટણી કામગીરી બાબતે કેટલા કર્મચારીઓને અન્યાય થયો હોવાની બૂમો

- વર્ષોથી ચૂંટણી પ્રક્રિયામાં સામેલ કર્મચારીઓ સાથે સોતેલો વ્યવહાર.
- વર્ષોથી નોકરી કરી રહેલા કર્મચારીઓએ ચૂંટણી ફરજ સ્વીકારી નથી : દર વખતે જૂની યાદીઓ રિપીટ કરી ચૂંટણી ફરજ માં મુકાતા કર્મચારીઓમાં ઉગ્ર કચવાટ.
- રાજકીય નીકળતા ધરાવતા કર્મચારીઓને ચૂંટણી પ્રક્રિયામાં સામેલ કરાતા ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા કેટલી..??

દાહોદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી મહા સંગ્રામની જાહેરાત થતા ચૂંટણી પ્રક્રિયાના ભાગરૂપે ચૂંટણી પંચના આદેશો અનુસાર ગુજરાત રાજ્યમાં સમાવિષ્ટ તમામ જિલ્લાઓમાં જે તે વિધાનસભા બેઠકોમાં સમાવિષ્ટ તમામ પૃથોમાં ચૂંટણી ફરજના ભાગરૂપે ચૂંટણી અધિકારીના મોનીટરીંગ હેઠળ થરાદમાં ભાગ લેનાર અધિકારી કર્મચારીઓને ચૂંટણી સંબંધી તાલીમના હુકમો કરવામાં આવ્યા છે અને તાલીમની પ્રક્રિયા ચાલુ છે. ત્યારે ચૂંટણી તાલીમ કેન્દ્રો પર કેટલાક કર્મચારીઓમાં કચવાટ સાંભળવા મળી રહ્યો છે. જે તે શાળામાં ફરજ બજાવતા કર્મચારીઓ કે જેઓ વર્ષોથી ચૂંટણી જ્યારે આવતી હોય ત્યારે સંબંધિત વિભાગ મારફતે જૂની યાદીઓ જિલ્લાના ચૂંટણી અધિકારીને મોકલવામાં આવે છે. જ્યારે કેટલાક કર્મચારીઓ એવા પણ છે કે જેઓ વર્ષોથી ફરજ બજાવે છે. છતાંય તેઓએ તેઓના ચૂંટણી તાલીમના હુકમો લીધેલ નથી. જેવી ઉગ્ર કચવાટો તાલીમ કેન્દ્ર મથકો પર સાંભળવા મળી રહી છે. જ્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જ્યારે પણ ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી જાહેર થાય એ ચૂંટણી ગ્રામ પંચાયત હોય તાલુકા જિલ્લા પંચાયત હોય કે પછી વિધાનસભા લોકસભાની ચૂંટણી હોય ત્યારે ચૂંટણી પંચની જરૂર જણાય એ પ્રમાણે યોગ્ય તાકીદ સાથે યાદી મંગાવવામાં આવતી નથી. માત્ર વર્ષો જૂની યાદીઓ રિપીટ થિયરીનો ભાગ બનતા વર્ષોથી ચૂંટણીની કામગીરી કરતા કર્મચારીઓમાં જે ચૂંટણીમાં જોતરાયેલા સંબંધિત અધિકારીઓને ચૂંટણી પ્રક્રિયા પારદર્શક માહોલમાં સંપન્ન થાય તે માટે જ્યારે પણ ચૂંટણી જાહેર થાય ત્યારે વારંવાર વ્યક્તિને ચૂંટણીમાં મહત્વ ન આપતા અન્ય કર્મચારીઓ કે જેઓ આ કામગીરી કરી જ નથી તેવા કર્મચારીઓને ચૂંટણીની કામગીરી સોંપવામાં આવે તો ચૂંટણી પ્રક્રિયાને પારદર્શકતા ની વ્યસ્ત કલગીમાં વધારો થઈ શકે તેમાં કોઈ બે મત નથી. હાલ જ્યારે દાહોદ જિલ્લામાં કેટલાક કર્મચારીઓ સરકારી અર્થ સરકારી પરંતુ ક્યાંક ને ક્યાંક વર્ષોથી ચૂંટણી પ્રક્રિયામાં જોતરાયેલા કર્મચારીઓની રાજકીય વ્યક્તિ સાથે નીકટતા સંબંધોને નકારી શકાય તેમ નથી. જે અમોફલક પર છે અને આવા કર્મચારીઓ દ્વારા ચૂંટણી પારદર્શિતા આડે અવરોધો ઊભા કરી શકવાની પ્રબળ શક્યતાઓ રહેલી છે. કર્મચારીઓ પ્રત્યે સમદ્રષ્ટિ કોણ રાખી તમામને ન્યાય અપાવી સુધારૂં આયોજન કરવામાં આવે તેવી અસંતોષ કર્મચારીઓની લાગણી તેમજ માંગણી છે. કેટલીક ગર્ભવતી મહિલાઓના પણ ચૂંટણીઓના હુકમ નિકાળ્યા છે. એટલું જ નહીં કોઈકના પરિવારમાં ગંભીર બીમારીથી પીડાતા પરિવારજનોની રજૂઆત ને પણ નિગાહે લેવામાં આવી નથી. કેટલાક મીડિયા સાથે પરોક્ષ રીતે સંકળાયેલા વ્યકિત કે જેના રાજકીય સંબંધો હોય છે. આવી વ્યક્તિઓને પણ ચૂંટણીના હુકમો મળેલ છે. જે બાબતે ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા હેતુ લીલા ચૂંટણી અધિકારી યોગ્ય તે વિચાર કરે તેવી અસંતોષ કર્મચારીઓની હૈયા વરાળ છે. શું આ અંગે જિલ્લા ચૂંટણી પારદર્શિતા દિશામાં કોઈ નક્કર નિર્ણય લેશે ખરા..?? તે જોવું રહ્યું.

## ફતેપુરાના ભીચોર ગામે ચાર ઈસમોએ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

દાહોદ,

રસ્તેથી નીકળવાના મામલે ફતેપુરાના ભીચોર ગામે થયેલ ઝઘડામાં એક મહિલા સહિત ચાર જણાએ લાકડીઓનો મારમારી બે જણાને ઈજાઓ પહોંચાડી તથા જાનથી મારી નાંખવાની ધાકધમકી આપ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ભીચોર ગામના રાહુલ નારજીઈ પારગીએ તેના ગામના ભાઠી તળાઈ ગામના રાહુલ નારજીભાઈ રમીલાબેન શૈલેષભાઈ આમલીયારને રસ્તામાં રોકી, આ રસ્તેથી તું કેમ નીકળે છે, તેમ કહી મોટર સાયકલ રોકી લીધેલ અને ગાળાગાળી કરતા હતા તેમજ અંબાલાલ ગૌતમભાઈ આમલીયાર તથા પ્રવીણભાઈ લીંબાભાઈ ડામોરે રમીલાબેન તથા જીવરાજભાઈ રમેશભાઈ પારગીને રોકીને ઉભા હતા. તે વખતે રામજીભાઈએ કહેલ કે, મારી બેનને જવા દો. તેને રોકીને કેમ ઉભા છો તેમ કહેતા શાંતાબેન પ્રવીણભાઈ ડામોરે તેના હાથમાંની પાઈપ રામસીંગભાઈને માથાના ભાગે મારી માથુ લોહીલુહાણ કરી ઈજા પહોંચાડી હતી. પ્રવીણભાઈ લીંબાભાઈ ડામોરે મહેભાઈ હરસીંગભાઈ પારગીને પકડી રાખી રાહુલભાઈ નારજીભાઈએ મહેશભાઈ પારગીને પીઠના ભાગે લાકડી મારી ઈજા કરી બેફામ ગાળો બોલી આજે તો તમને જીવતા છોડવાની નથી. તેમ કહી શરીરે ગડદાપાટુનો મારમારી ઈજાઓ કરી પહોંચાડી હતી તથા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ સંબંધે ઈજાગ્રસ્ત મહેશભાઈ હરસીંગભાઈ પારગીએ નોંધાવેલ ફરિયાદને આધારે ફતેપુરા પોલીસે મહિસાગર જિલ્લાના બાબરોલ ગામના અંબાલાલ ગોતમભાઈ અમામલીયાર, નાના શરણીયા ગામના પ્રવીણભાઈ લીંબાભાઈ ડામોર તથા ભીચોર ગામના રાહુલભાઈ નારજીભાઈ પારગી તથા શાંતાબેન પ્રવીણભાઈ લીંબાભાઈ પારગી વિરૂધ્ધ ઈપિકો કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે

દાહોદ,

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત આગામી તા.૦૧/૧૨/૨૦૨૨ અને તા.૫/૧૨/૨૦૨૨નાં રોજ મતદાન યોજાનાર છે. આ માટે રાજયના જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ-૨૦૧૯ હેઠળ નોંધણી થયેલ શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા મંજૂર કરવાની રહેશે. કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં. આ જોગવાઈ અનુસાર રોજમદાર/કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હકદાર રહેશે. આ અંગે જો કોઈ માલિક જોગવાઈ વિરૂધ્ધ વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર થશે એમ રાજયના શ્રમ આયુકતની યાદીમાં જણાવાયું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.73

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લાની ચાર બેઠકો માટે કોંગ્રેસ પાર્ટીએ ઉમેદવારની જાહેરાત કરી






ગોધરા,
પંચમહાલ જીલ્લાની ચાર વિધાનસભા બેઠકો માટે છેલ્લી ઘડી સુધી કોંગ્રેસ પાર્ટી દ્વારા ઉમેદવારોના નામની જાહેરાત નહિ કરતાં કોંગ્રેસી કાર્યકરોમાં ઉત્સુકતા વધી રહી હતી. ત્યારે કોંગ્રેસ પાર્ટી દ્વારા ૩૭ ઉમેદવારોની છેલ્લી યાદી બહાર પાડવામાં આવી છે. જેમાં ગોધરા, શહેરા, કાલોલ, હાલોલ બેઠકના ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લાની ગોધરા બેઠક માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા રશ્મિતાબેન દુષ્યંતભાઈ ચૌહાણને ટીકીટ ફાળવવામાં આવી છે. કાલોલ બેઠક માટે પ્રભાતસિંહ ચૌહાણને ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. હાલોલ બેઠક માટે રાજેન્દ્ર પટેલને કોંગ્રેસના ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. જ્યારે શહેરા બેઠક ઉપર ખાતુભાઈ ગુલાબસિંહ પગીને કોંગ્રેસના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. ગોધરા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારો અંગે અનેક અટકળો વચ્ચે મહિલા ઉમેદવારની જાહેરાત કરવામાં આવતાં કહી ખુશી કહી ગમ જેવા દ્રશ્યો જોવા મળ્યા છે. આવતી કાલે હાલોલ, શહેરા અને ગોધરાના કોંગ્રેસના ઉમેદવારો પોતાના ઉમેદવારી ફોર્મ ભરશે. અંતિમ દિવસ સુધી કોંગ્રેસ પાર્ટી દ્વારા રાજ્યની ૩૭ બેઠકો ઉપર ઉમેદવારી જાહેરાત નહિ કરતાં કોંગ્રેસ કાર્યકરોમાં ઉત્સુકતા વધતી જતી હતી. તેની યાદી જાહેર કરવામાં આવી છે. ઉમેદવારોની જાહેરાત બાદ કઈ બેઠકો માટે ઉમેદવારો સામે વિરોધ જોવા મળે છે. તે જોવું રહ્યું.

હાલોલ બેઠકના ઉમેદવાર રાજેન્દ્ર પટેલ ગત વિધાનસભામાં ગોધરા બેઠકના ઉમેદવાર હતા અને ૨૫૬ વોટની બીજેપીના ઉમેદવાર સામે હાર થઈ હતી. ૨૦૨૨ની વિધાનસભામાં ગોધરા બેઠક ઉપર ઉમેદવારી કરે તે પહેલા લઘુમતિ સમાજ સહિત અન્ય કોંગ્રેસીઓમાં રાજેન્દ્ર પટેલ સામે વિરોધ જોવા મળ્યો હતા. જેને લઈ રાજેન્દ્ર પટેલ હાલોલ બેઠક ઉપર માંગણી કરતા તેમને હાલોલ બેઠક થી ટીકીટ ફાળવવામાં આવી છે. રાજેન્દ્ર પટેલ બીજેપીના બાગી ગૃપનો સપોટ હોવાની હાલોલ બેઠક ઉપર જીતના દાવાનો વિશ્વાસ વ્યકત કરી રહ્યા છે.

કાલોલ બેઠકના ઉમેદવાર પ્રભાતસિંહ ચૌહાણ દ્વારા કોંગ્રેસ પાર્ટી પોતાના ઉમેદવારની જાહેરાત કરે તે પહેલા કાલોલ કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉમેદવારી ફોર્મ ભરી ચુકયા છે. થોડા દિવસો પહેલા ભાજપને અલવિદા કરીને કોંગ્રેસ પાર્ટીમાં જોડાયેલા પ્રભાતસિંહ ચૌહાણની રાજકીય કારકીર્દીને જોતાં કાલોલ બેઠક ઉપર બીજેપીના ઉમેદવારને હંફાવી નાખશે તેવું હાલની સ્થિતીમાં જણાઈ આવે છે.

ગોધરા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર બનેલ રશ્મિતાબેન દુષ્યંતભાઈ ચૌહાણના પતિ દુષ્યંતભાઈ ચૌહાણ ગત-૨૦૧૭ વિધાનસભામાં શહેરા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર હતા. તેમના સ્થાને કોંગ્રેસ પાર્ટી દ્વારા-૨૦૨૨ વિધાનસભામાં રશ્મિકાબેન દુષ્યંતભાઈ ચૌહાણને ઉમેદવાર બનાવીને મહિલા ઉમેદવારને બીજેપી સામે મેદાનમાં ઉતારી છે.

શહેરા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર જાહેર કરાયેલા ખાતુભાઈ પગી જે થોડા સમય પહેલા ભાજપ માંથી શહેરા બેઠકના ઉમેદવારના નામની જાહેરાત થતાં ભાજપ માંથી નારાજ થઈને ભાજપ માંથી રાજીનામું આપીને કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા હતા. તેમને શહેરા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર જાહેર કરવામાં આવતાં જીતનો વિશ્વાસ વ્યકત કર્યો છે.

## શહેરા કોંગ્રેસ માંથી ખાતુભાઈ પગીએ ઉમેદવારી પત્ર ભર્યું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા ભાજપમાંથી ટિકિટ નહીં મળતા થોડા દિવસ પહેલા કોંગ્રેસમાં જોડાયેલા ખાતુભાઈ પગી એ વિજય મુહૂર્તમાં કોંગ્રેસ માંથી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. ખાતુભાઈ પગીએ મેન્ડેટ વગર પોતાની ઉમેદવારી ફોર્મ ભરીને જીત નિશ્ચિત હોવાનું જણાવ્યું હતું.

શહેરા બેઠક પર વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થયા બાદ ભાજપ પક્ષ દ્વારા ખાતુભાઈ પગીને ટિકિટ નહીં આપતા તેઓ ભાજપ માંથી નારાજ થઈને થોડા દિવસ પહેલા તેમના સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાયા હતા. કોંગ્રેસમાં જોડાયેલા ખાતુભાઈ પગી ગામમાં આવેલા દશા માતાજીના આશીર્વાદ લઈને સમર્થકો સાથે વાજતે ગાજતે ઉમેદવારી પત્ર ભરવા માટે નીકળ્યા હતા. તાલુકા સેવા સદન ખાતે ખાતુભાઈ પગી પોતાના સમર્થકો સાથે શુભ મુહૂર્તમાં પહોંચી ગયા હતા. ખાતુભાઈ પગીએ ચૂંટણી અધિકારી એન.કે. પ્રજાપતિ અને મદદનીશ ચૂંટણી અધિકારી એન.બી. મોદી સમક્ષ વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. જ્યારે ખાતુભાઈ પગીએ મને પાર્ટી માંથી ફોન આવ્યો એટલે મેં ઉમેદવારી ફોર્મ ભર્યું છે. આ વખતે મારી જીત થવાની છે અને અહીં કોંગ્રેસ જીતવાની છે. આ વખતે સારી એવી લીડ થી હું જીતીશ તેમ જણાવ્યું હતું. જોકે, ૧૨૪ વિધાનસભા બેઠક પર પ્રથમ વખત કોંગ્રેસ પાર્ટી માંથી ખાતુભાઈ લડી રહ્યા હોય ત્યારે આ વખતની ચૂંટણી તીવ્ર રસાકસી ભરી બની રહે એવી શક્યતાઓ જોવા મળી રહી છે. ટિકિટ નહીં મળતા ખાતુભાઈ પગી ભાજપ પક્ષ છોડીને થોડા દિવસો પહેલા કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. ખાતુભાઈ પગી ક્ષત્રિય સમાજના અગ્રણી કહેવાતા હોય ત્યારે આ બેઠક પર કોની જીત થશે, તે તો ૮ ડિસેમ્બરના રોજ મત ગણતરીના દિવસે ખબર પડી જશે તેમ છે.

## ગોધરા વિધાનસભા બેઠકના ઉમેદવારની જાહેરાત થતાં અજાણયા ઈસમોએ કોંગ્રેસ કાર્યાલય પર પથ્થરમારો કર્યો



ગોધરા,
ગોધરા વિધાનસભા બેઠક માટે કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારની જાહેરાત થતાં કોંગ્રેસી કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો છે. કેટલાક કોંગ્રેસી કાર્યકરો કોંગ્રેસની ઓફિસ ઉપર એકઠા થઈને ઓફિસ ઉપર પથ્થર મારો કરતાં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો.

ગોધરા વિધાનસભા બેઠક ઉપર ઉમેદવારી માટે કેટલાય ઉમેદવારોએ પોતાની દાવેવારી કરી હતી અને ઉમેદવારોની જાહેરાત કરાય તેવી કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. છેલ્લા કેટલાય દિવસોથી રાજ્યની ૩૬ બેઠકો માટે કોંગ્રેસ ઉમેદવારોની જાહેરાત કરવા માટે ભારે મથામણ કરી રહી હતી અને ઉમેદવારોની જાહેરાત બાદ કોંગ્રેસી કાર્યકરો અને તેમના સમર્થકોમાં રોષને ખાળવા માટે ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસની આગલી સાંજે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. તેમાં ગોધરા બેઠક ઉપર જાણે કોથળા માંથી બિલાડું કાઢે તે રીતે ગોધરા બેઠક માટે રશ્મિતાબેન દુષ્યંતભાઈ ચૌહાણને ઉમેદવાર જાહેર કરવામાં આવતાં કોંગ્રેસી કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. રોષે ભરાયેલા કોંગ્રેસી કાર્યકરો ગોધરા વિશ્વકર્મા મંદિર પાસે આવેલ કોંગ્રેસ પાર્ટીની ઓફિસ ખાતે એકઠા થયા હતા અને જાહેર થયેલા ઉમેદવારના વિરોધ સાથે સુત્રોચ્ચાર કરીને કોંગ્રેસ ઓફિસ ઉપર પથ્થર મારો કરતાં ઓફિસના કાચ તોડી નાખવામાં આવ્યા છે. કોંગ્રેસ ઓફિસમાં તોડફોડ અને પથ્થર મારની ઘટનાને ધ્યાને રાખી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## શહેરાના ભેલાણ ગામે ગાળા ગાળી કરી જાતિઅપમાનિત કરતાં બે ઈસમો સામે એકટ્રોસીટીની ફરિયાદ

શહેરા,
શહેરાના ભૂરખલ ગામે ભેલાણ બાબતે ગાળા ગાળી તેમજ જાતિવિષયક અપમાનિત કરતા બે વ્યકિતઓ સામે એક્ટ્રોસિટી એકટ મુજબ ફરિયાદ પોલીસ મથક ખાતે નોંધાઈ હતી. પોલીસે જરૂરી તપાસ સાથે આગળની કાર્યવાહી હાથધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ૧૪ તારીખના બપોરના રોજ ફરિયાદી મહેન્દ્રભાઈ મેતરભાઈ રાઠવા પોતાના ઘરે જમવા બેઠા હતા. આ સમયે તેઓના ખેતરમાં ભૂરખલ ગામના ખેગાભાઈ મખાભાઈ ભરવાડ અને લાલાભાઈ કરશનભાઈ ભરવાડ ઢોર ચરાવતા હતા. ત્યારે ખેતરમાં ડાંગરની ઘાસડી પડેલી છે, તો તમારા ઢોર નિશાળ બાજુ જે નાળિયું છે. ત્યાંથી લાવવાનું જણાવતા ખેતરમાં કરેલી વાળ તોડી નાખી ઢોર સીધા જવા દીધા હતા. આથી તેની ફરિયાદી મહેન્દ્રભાઈએ ટકોર કરતા અને તેમ છતાં ઢોર ચરાવવા ના ન પાડી હોવા છતાં બંને જણા ઉશ્કેરાઈ ગયા હતા અને તેમને જાતિવિષયક અપમાનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેઓને બીભત્સ ગાળો બોલવા લાગ્યા હતા અને તમારા ટાંટિયા તોડી નાખવાના છે, આવું બોલતા હતા. તદુપરાંત ફરિયાદીની પત્નીને પણ ગંદા ઈશારા કરી કહેવા લાગ્યા હતા અને ત્યારબાદ બીજા ખેતરમાં પણ તેઓએ પોતાના ઢોર છુટા મૂકી દીધા હતા. આમ, ખેતરમાં ભેલાણ કર્યા પછી માં-બેન સમાણી ગાળો બોલવી અને જાતિવિષયક અપમાનિત કરાતા ચોરી ઉપર સે સીનાજોરી કરવા લાગ્યા હતા. આથી તેઓએ શહેરા પોલીસ મથકે આવી ફરિયાદીએ ખેગાભાઈ મખાભાઈ ભરવાડ અને લાલાભાઈ કરશનભાઈ ભરવાડ વિરૂદ્ધ એક્ટ્રોસિટી એકટ અન્વયે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા તાલુકાના ગોલી ગામે પશુપાલક પાસેથી ભેંસો ખરીદી પૈસા નહિ આપતાં બે ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

ગોધરા,
ગોધરા તાલુકાના ગોલી ભીમાનેશ ફળીયા તથા ગવાસી ગામે બે ઈસમોએ છેલ્લા છ માસથી મકાન ભાડે રાખી ગાયો અને ભેંસો લે-વેચનો ધંધો કરી વિશ્વાસ કેળવી ફરિયાદીની ૩ ભેંસો ખરીદી ૪૧,૦૦૦/- રૂપીયા તથા ગામના અન્ય વ્યકિતઓની ભેંસો ખરીદી કરી પૈસા પરત નહિ આપી છેતરપિંડી વિશ્વાસઘાત કરતાં ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા તાલુકાના ગોલી ભીમાનેશ ફળીયામાં રહેતા ગોપાલભાઈ સામંતભાઈ ચૌહાણને ગવાસી ગામના વ્યકિતઓ છેલ્લા છ માસથી ભેંસો અને ગાયોની લે-વેંચ કરતા આરોપીઓ સંપર્કમાં આવ્યા હતા. આરોપીઓ ભીખુભાઈ ઉર્ફે રવિના ઉર્ફે હિરલ નારાયણભાઈ સોલંકી (રહે. ટુવા, વણઝારા ફળીયા, મૂળ.રહે. કોથલાણા, જુનાગઢ), ચંદ્રેશભાઈ ઉર્ફે ચંદુ માલેદભાઈ બોચીયા (રહે. ટુવા વણઝારા ફળીયા, મૂળ. રહે. વિસોત્રી, દેવભૂમિ-દ્વારકા) એ ગોપાલભાઈની ૩ ભેંસો ખરીદી કરી ૨૪,૦૦૦/-રોકડા આપી ૪૧,૦૦૦/-રૂપીયા આપવાના નિકળતા હોય તેમજ ગામના ૨૦ જેટલા વ્યકિતઓની ભેંસો અને ગાયો ખરીદી કરી તેના પૈસા પરત નહિ આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી ગુન્હો કરતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## મોરવાહડફ બેઠકના ભાજપના ઉમેદવાર અને પૂર્વ મંત્રી નિમિષાબેન સુથારે પોતાનું ઉમેદવારી પત્ર રજુ કર્યું



ગોધરા,
પંચમહાલની મોરવાહડફ બેઠકના ભાજપના ઉમેદવાર અને પૂર્વ મંત્રી નિમિષાબેન સુથારે પોતાનું ઉમેદવારી પત્ર ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કર્યું હતું. ૧૧.૪૪ નું શુભ મુહૂર્ત સાચવવા માટે નિમિષાબેને સભા અને રેલી પહેલા જ પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. નિમિષાબેન સુથારની સભામાં ખૂબ મોટી સંખ્યા માં સમર્થકો અને ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. સાથે જ પંચમહાલ અને મહીસાગરના સાંસદો, બંને જિલ્લા ના ભાજપ પ્રમુખ અને મહામંત્રીઓ સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. નિમિષાબેન સભા માં ઉપસ્થિત જંગી જનમેદની અને જન સમર્થન જોઈ ભાવુક થયા હતાં. એક સમયે નિમિષાબેનની આખો માંથી ભાષણ વખતે સતત અશ્રુધારા વહેતી હોય તેવા દ્રષ્યો પણ કેમેરા માં કેદ થયા હતા. પોતાના મતદારો સાથે લાગણીના સંબંધે જોડાયેલ હોઈ હ્રદય ભરાઈ આવ્યું હોવાનું નિમિષાબેને જણાવ્યું હતું. જનમેદનીમાં ઉપસ્થિત કેટલીક મહિલા ઓ પણ ભાવુક થઈ હતી. પોતાની ઉમેદવારી નોંધાવ્યા બાદ પ્રતિક્રિયા આપતા નિમિષાબેને પોતાની પર પસંદગી ઉતારવા બદલ શીર્ષ નેતૃત્વ નો આભાર વ્યક્ત કર્યો હતો અને જંગી લીડ થી જીતવા નો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## શહેરાના નવા વલ્લવપુરની ૧૮ વર્ષીય યુવતિ ઘરેથી કયાંક ચાલી જઈ ગુમ થતાં ફરિયાદ

શહેરા,
શહેરા તાલુકાના નવા વલ્લવપુરા ગામની ૧૯ વર્ષીય યુવતિ પોતાના ઘરેથી કયાંક ચાલ્યા જઈ ગુમ થતાં ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના નવા વલ્લવપુર ગામે રહેતી વર્ષાબેન રૂપસિંહ ઠાકોર ઉ.વ. ૧૯ તા.૧૩ નવેમ્બરના રોજ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર કયાંક ચાલી જઈને ગુમ થતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના એરંડી ગામની ૧૯ વર્ષીય યુવતી ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખસેડાઈ

ગોધરા,
ગોધરા તાલુકાના એરંડી નવલખી ફળીયામાં રહેતી ૧૯ વર્ષીય યુવતીએ કોઈ અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે અસેડવામાં આવી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના એરંડી ગામે નવલખી ફળીયામાં રહેતી હિરલ મહેન્દ્રકુમાર બારીયા ઉ.વ.૧૯એ પોતાના ઘરમાં અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં તેને સારવાર અર્થે ખસેડવામાં આવી. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
સુનિલકુમાર એ. મોદી
તરફથી અભીનંદન....
મુ. કાજીવાડા,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
હંસાબેન જેઠાભાઈ પરમાર
તરફથી અભીનંદન....
મુ. પીપલોદ,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

## દાહોદ બસ સ્ટેશન પર ચાર મહિલાઓના પોટલા માંથી ૮૫ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ બી ડીવીઝન પોલીસે દાહોદ બસ સ્ટેશન પર પોટલા લઈને ઉભેલ શંકાસ્પદ લાગતી ચાર મહિલાઓના પોટલાની તલાસી લઈ રૂપિયા ૮૫ હજાર ઉપરાંતની કિંમતનો વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો પકડી પાડી ચારે મહિલાઓની અટક કર્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ શહેરના બસ સ્ટેશન પર ગરબાડાના નઢેલાવ ગામના પટેલ ફળિયામાં રહેતી કબુબેન મીથુનભાઈ હઠીલા, સાંગા ગામના નિનામાન ફળિયાના મૂળ વતની અને હાલ અમદાવાદ અંબીકાટચુબના કાચા છાપરા વટવા ખાતે રહેતી રેતુબેન મનીષભાઈ રૂમાલભાઈ મિનામા, ગરબાડાના આમલી ખજુરીયા ગામની મૂળ રહેવાસી અને હાલ અમદાવાદ વટવા ખાતે રહેતી સાજનબેન ગોપાળભાઈ માવજીભાઈ કલારા તથા ગરબાડાના માતવા ગામના ડામોર ફળિયાની અબુબેન શંકરભાઈ જવલાભાઈ ડામોર એન ચારે મહિલા અમદાવાદ જવા માટે પોતાના પોટલા સાથે ઉભી હતી અને બસ સ્ટેશન પર ફરજ પરની પોલીસને જોઈ આ ચારે મહિલાઓ આઘી પાછી થતાં એ ચારે મહિલાઓની હિલમાલ પોલીસને શંકાસ્પદ લાગતાં પોલીસે તે ચારે મહિલાઓના પોટલાની તલાસી લઈ ચારે મહિલાઓના પોટલાઓમાંથી પોલીસે રૂા. ૮૫,૫૦૧ની કુલ કિંમતના ભારતીય બનવટના વિદેશી દારૂ તતા બીયરની કુલ બોટ નંગ-૮૦૩ પકડી પાડી ઉપરોક્ત ચારે મહિલાઓની અટક કરી ચારે મહિલાઓ વિરૂદધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.